પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૧ | ૨૨ નવેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**આરટીઆઈ હેઠળ માહિતી આપવામાં ઠાગાઠૈયા**

કેન્દ્રિય માહિતી આયોગે કહ્યુ છે કે લગભગ ૩૫ ટકા જેટલા સરકારી વિભાગો આરટીઆઈ એક્ટ હેઠળ માહિતી ઉપબ્ધ કરાવતા નથી. જેમાં કેન્દ્રિય સતર્કતા આયોગ, એરપોર્ટ ઓથોરીટી, પર્યટન મંત્રાલય, કૌશલ વિકાસ અને એસબીઆઈ જેવા મોટા વિભાગો સામેલ છે.

**હિમાચલમાં શિક્ષકોની મોટા પાયે ભરતી**

હિમાચલપ્રદેશ સરકારે જેબીટી, ટીજીટી, શાસ્ત્રી અને ભાષા અધ્યાપકો સહિત ૨૫૯૯ જેટલા શિક્ષકોની ભરતી તાત્કાલિક કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી જયરામ ઠાકુરની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

**કેજરીવાલની હત્યાનુ કાવતરૂ : મનીષ સિસોદીયા**

દિલ્હીના ઉપ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર થયેલા હુમલા વિશે જણાવ્યુ છે કે મુખ્યમંત્રીની હત્યાનું કાવતરૂ છે. તેઓએ આ મામલે દિલ્હી પોલીસ અને ભાજપને દોષિ ગણાવ્યા છે.

**વડાપ્રધાન મોદીને મળેલી ગિફ્ટની ઓનલાઈન હરાજી કરાશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૪ વર્ષમાં મળેલી ૧૯૦૦ ગિફ્ટની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. તેમાં પાઘડી, હાફ જેકેટ અને શોલ જ નહીં પરંતુ રામજીનું ધનુષ અને હનુમાનજીની ગદા પણ સામેલ છે.

# નોટબંધીથી ખેડૂતો બેહાલ : કૃષિ મંત્રાલય

**સંસદીય સમિતિ સમક્ષ કૃષિ મંત્રાલયનો સ્વીકાર : રોકડની અછતને કારણે ખેડૂતો સમયસર બીજ-ખાતર ખરીદી ન શક્યા : કૃષિ મંત્રાલયે મોદી સરકારની પોલ ખોલી : નોટબંધીને સફળ ગણાવનારી મોદી સરકારને મોટો ફટકો : વિપક્ષ શિયાળુ સત્રમાં આક્રમક પ્રહારો કરશે**



ન્યુ દિલ્હી,તા.૨૧

૨૦૧૬મા મોદી સરકાર દ્વારા કરવામાં આવેલી નોટબંધીના નિર્ણય પર દેશમાં સતત ચર્ચા થાય છે. વિપક્ષે આ નિર્ણયને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો છે અને સરકાર તેને ફાયદાકારક ગણાવે છે. પરંતુ કેન્દ્ર સરકારના જ કૃષિ મંત્રાલયે પોતાના એક રિપોર્ટમાં કહ્યું છે કે ખેડૂતો પર નોટબંધીના નિર્ણયની ખૂબ જ ખરાબ અસર પડી હતી.

નાણાં મંત્રાલય સાથે જોડાયેલ સંસદની એક સ્થાયી સમિતિની બેઠકમાં કૃષિ મંત્રાલયે માન્યું છેકે રોકડની અછતના લીધે લાખો ખેડૂત રવી સીઝનમાં વાવેતર માટે બિયારણ-ખાતર ખરીદી શકયા નથી. જેની તેમના પર ખૂબ જ અસર પડી છે. કૃષિ મંત્રાલયે નોટબંધીની અસર પર એક રિપોર્ટ પણ સંસદીય સમિતિને સોંપ્યો છે.

કૃષિ મંત્રાલયે સમિતિને જણાવ્યું કે નોટબંધી જ્યારથી લાગૂ થઇ ત્યારથી ખેડૂત કાં તો પોતાના ખરીફ પાકની વેચી રહ્યો હતો કાં તો ફરીથી રવી પાકની વાવણી કરી રહ્યો હતો. એવામાં ખેડૂતોને રોકડની ખૂબ જ જરૂર હોય છે, પરંતુ એ સમયે રોકડની અછતના

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં સટ્ટાબજારમાં કોંગ્રેસે હવે લીડ મેળવી લીધી

**કોંગ્રેસની પરિસ્થિતિમાં દિનપ્રતિદિન સુધાર થઇ રહ્યો છે**

ભોપાલ, તા. ૨૧

રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં જોરદાર શાસનવિરોધી મોજુ ફરી વળ્યું છે. આવી સ્થિતિમાં ભાજપની સત્તા જાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મોટાભાગના સર્વે અને સટ્ટાબજારમાં હજુ સુધી આ પ્રકારની સ્થિતિ ઉભરી રહી છે. મધ્યપ્રદેશમાં આ વખતે યોજાનારી વિધાનસભાની ચૂંટણી ખુબ રોમાંચક બનનાર છે. ભોપાલના સટ્ટાબજારમાં સતત સ્થિતિ બદલાઈ રહી છે. હવે ફરી એકવાર કોંગ્રેસની શક્યતા મજબૂત દેખાઈ રહી છે. બુકીઓના કહેવા મુજબ એક મહિના પહેલા સુધી દરેક વ્યક્તિ દ્વારા ભાજપ ઉપર સટ્ટો લગાવવામાં આવી રહ્યો હતો. ૧૦૦૦૦ રૂપિયાની શરત લગાવવા માટે દરેક વ્યક્તિ તૈયાર હતી અને પાર્ટી સત્તામાં આવે તો ૧૧૦૦૦ રૂપિયા મળનાર હતા. બીજી બાજુ એક શખ્સે કોંગ્રેસ ઉપર ૪૪૦૦ રૂપિયાનો સટ્ટો લગાવ્યો છે તો તેને વિપક્ષની જીત ઉપર ૧૦૦૦૦ રૂપિયા મળી શકે છે. બુકીઓના કહેવા મુજબ આ સટ્ટાથી હવે સીટની સંખ્યા ઉપર શરતો મુકવામાં આવી રહી છે. કોણ સરકાર બનાવશે તેના પર સટ્ટો નથી.

એક બુકીનું કહેવું છે કે, આ વખતે સ્થિતિ ખુબ જ રોમાંચક બનેલી છે. આ વર્ષે ટક્કર બરોબરની રહેલી છે. બુકીઓના કહેવા મુજબ સટ્ટા ટ્રેન્ડમાં વાસ્તવિક પરિણામ ભલે કંઈપણ નજરે પડે પરંતુ માર્કેટમાં કોંગ્રેસ માટે ૧૧૬થી વધુ સીટો અને ભાજપ માટે ૧૦૨થી વધુ સીટોનો સટ્ટો છે. જો ભાજપ અને કોંગ્રેસમાંથી કોઈ એક ઉપર સટ્ટો સાબિત થાય તો તેને ડબલ પૈસા મળી શકે છે. સટોડિયાઓ હવે ખુબ જ સક્રિય થઈ ચુક્યા છે. પોલીસ અધિકારીઓ દ્વારા સટ્ટા બેટિંગના કાંડનો પર્દાફાશ કર્યા બાદ આજે ઓનલાઈન બેટિંગ કરવામાં આવી રહી છે તેમાં પોલીસને પણ મુશ્કેલી નડી રહી છે. પોલીસ અધિકારી રાહુલ કુમારનું કહેવું છે કે, અપરાધીઓની સામે ખાસ સેલ સક્રિય છે.

# કાશ્મીરમાં પીડીપીનો સરકાર રચવા દાવો

**પીડીપી પાસે ૨૮, એનસી પાસે ૧૫ અને કોંગ્રેસ પાસે ૧૨ ધારાસભ્યો છે : જમ્મુ-કાશ્મીરમાં પીડીપી, કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ સરકાર બનાવવાની તૈયારીમાં..!! : સજ્જાદ લોનની પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે જોડાણની અટકળો તેજ બની**

શ્રીનગર,તા.૨૧

જમ્મુ-કાશ્મીરમાં રાજયપાલ સમક્ષ પીડીપીના નેતૃત્વમાં સરકાર રચવા મહેબુબા મુફ્તિએ દાવો રજૂ કર્યો હતો. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સે સમર્થન જાહેર કરતા સરકાર રચવા માટેની જરૂરી બહુમતિ પ્રાપ્ત થયાની રજૂઆત કરાઈ હતી. કુલ ૫૬ ધારાસભ્યોની સહી વાળું આવેદન રાજ્યપાલ સત્યપાલ મલિક સમક્ષ રજૂ કરાયું હતું. જો કે મોડી સાંજ સુધી રાજ્યપાલે કોઈ વિધિવત પ્રતિભાવ આપ્યો ન હતો. આગામી એક બે દિવસમાં સરકાર રચાવાના ભણકારા વાગે છે.

જમ્મૂ-કાશ્મીરમાં રાજ્યપાલ શાસન પુરૂ થતાની સાથે જ રાજ્યમાં રાજકીય માહોલ પણ બરાબરનો ગરમાઈ રહ્યો છે. રાજકીય પાર્ટીઓના ગઠબંધનનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સજ્જાદ લોનની પાર્ટી અને

● અનુસંધાન પાન-૭ પર



## સીબીઆઈ વિવાદમાં અજીત ડોભાલ, અસ્થાનાના ફોન પણ ટેપ થયાની આશંકા

**સરકારને આશંકા છે કે અનેક સંવેદનશીલ નંબરોને ગેરકાનૂની રીતે સર્વિલાંસ પર રાખવામાં આવ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૧

સીબીઆઈના ઓફિસરો વચ્ચે ચાલી રહેલા જંગમાં એક ચોંકાવનારી જાણકારી સામે આવી છે. સરકારને આશંકા છે કે ઘણા સંવેદનશીલ નંબરોને ગેરકાયદેસર રીતે સર્વિલન્સ પર રાખવામાં આવ્યા હતા. ત્યાં સુધી કે સિમ કાર્ડના ઉપયોગમાં ગડબડી અને મોબાઈલ નંબરના ક્લોનિંગની આશંકા પણ છે. આનાથી પણ વધારે ચોંકાવનારી બાબત એ છે કે જે નંબરોને સર્વેલન્સ પર રાખવામાં આવ્યાની માહિતી છે તેમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર રાકેશ અસ્થાના પણ સમાવિષ્ટ છે.



આ પ્રકારની આશંકા સોમવારના રોજ તે સમયે વ્યક્ત કરવામાં આવી કે જ્યારે કાયદા સચિવ સુરેશ ચંદ્રએ જણાવ્યું કે તે ૮ નવેમ્બરે લંડનમાં નહોતા. ટ્રાંસફર કરવામાં આવેલા સીબીઆઈ મનીષ સિન્હાએ પોતાની અરજીમાં આરોપ લગાવ્યો છે કે ચંદ્રાએ બિઝનેસમેન સતીશ રાણા કે જેણે રાકેશ અસ્થાના વિરુદ્ધ આરોપ લગાવ્યો છે તેમની સાથે મુલાકાત કરી હતી. આરોપ છે કે આ મુલાકાતને કરાવવા માટે આંધ્ર પ્રદેશ કેડરની આઈએએસ ઓફિસર રેખા રાણીની મદદ કરી હતી.સિન્હાએ જણાવ્યું કે અસ્થાનાએ પોતાની ટીમને કહ્યું કે રેખા રાણીએ વિવાદિત બિઝનેસમેન સાથે ચંદ્રાને તેમના લંડન વાળા નંબર પર વાત કરવા કહ્યું હતું. અધિકારીક સુત્ર અનુસાર કોઈને ફસાવવા માટે આ પરફેક્ટ સ્ક્રિપ્ટ છે.

# અમૃતસર બ્લાસ્ટમાં પાકિસ્તાની કનેક્શન

**એક શખ્સની ધરપકડ : માત્ર ૭૨ કલાકમાં ઉપયોગમાં લેવાયેલી બાઈક કબજે કરાઈ : બીજા શખ્સની ઓળખ થઇ છે, ટુંકમાં પકડી લેવાનો મુખ્યમંત્રી અમરિન્દરનો દાવો : વિસ્ફોટકો જપ્ત કરાયા : ગ્રેનેડ પાકિસ્તાનની ફેક્ટ્રીમાં બનાવાયા હતા**

અમૃતસર,તા. ૨૧

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહે અમૃતસર સ્થિત નિરંકારી ભવનમાં કરવામાં આવેલા ગ્રેનેડ હુમલામાં પાકિસ્તાનના આઈએસઆઈનો હાથ હોવાનો દાવો કર્યો હતો. અમૃતસર બ્લાસ્ટમાં પાકિસ્તાનના કનેક્શનના પુરાવા અમરિન્દરસિંહે રજૂ કર્યા હતા. સાથે સાથે આ હુમલામાં સંડોવાયેલા આરોપી પૈકી એકની ધરપકડ કરાઈ હોવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ધરપકડ કરવામાં આવેલા આરોપીની ઓળખ ૨૬ વર્ષીય વિક્રમજીતસિંહ તરીકે કરવામાં આવી છે. હુમલામાં ઉપયોગ કરવામાં આવેલા મોટરસાયકલ કબજે કરવામાં સફળતા મળી ગઈ છે. આ ઘટનાક્રમ અંગે માહિતી આપતા અમરિન્દરે કહ્યું હતું કે, પંજાબમાં આતંકવાદને ફરી સજીવન કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આઈએસઆઈની સંડોવણી આમા સ્પષ્ટપણે રહેલી છે. આ હુમલામાં બે શખ્સો સામેલ હતા. આમાથી એક ૨૬ વર્ષીય વિક્રમજીતસિંહને પકડી પાડવામાં આવ્યો છે. બીજા આરોપીની ઓળખ કરી લેવામાં આવી છે જેનું નામ અવતારસિંહ છે. તેને ટૂંક સમયમાં પકડી લેવામાં આવશે.

પોલીસે હુમલામાં ઉપયોગ કરવામાં આવેલી બાઈક કબજામાં લઈ લીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આમા કોઈપણ સાંપ્રદાયિક એંગલ નથી. આ એક આતંકવાદનો મામલો છે. નિરંકારી ભવનને ટાર્ગેટ કરવામાં આવ્યો હતો કારણ કે ત્યાં રહેલા લોકો આતંકવાદીઓના સરળ ટાર્ગેટ તરીકે હતા. અમારી પાસે પહેલાથી જ માહિતી હતી કે, બીજા સંગઠનોને પણ ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા અને અમે સફળ રહ્યા છીએ. આઈઈડી અને હથિયારોનો જથ્થો પણ જબ્ત કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન અને આઈએસઆઈ ખુબ સક્રિય છે. માસ્ટરમાઈન્ડ આઈએસઆઈ છે.



આઈએસઆઈએ કેટલાક શખ્સોનો ઉપયોગ કરીને હુમલાને અંજામ આપ્યો હતો. આ લોકોએ પાકિસ્તાનની હથિયાર ફેક્ટ્રીમાં બનેલા ગ્રેનેડનો ઉપયોગ કર્યો હતો. આના લાયસન્સ પાકિસ્તાન ઓર્ડિનરી ફેક્ટ્રીની પાસે છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં બે આતંકવાદીઓ ઘૂસ્યા હોવાની આશંકા : પોલીસે તસવીર જાહેર કરી

**પંજાબના અમૃતસરમાં થયેલા હુમલા બાદ દિલ્હી પોલીસ હાઇ એલર્ટ પર**

ન્યુ દિલ્હી,તા.૨૧

અમૃતસરમાં બ્લાસ્ટના બે દિવસ બાદ દેશની રાજધાની દિલ્હીમાં રેડ એલર્ટ જાહેર કરી દેવાયું છે. દિલ્હી પોલીસે મંગળવારના રોજ બે સંદિગ્ધોની તસવીર પણ જાહેર કરી છે, જેને જૈશ-એ-મોહમ્મદના આતંકીઓ જણાવાઈ રહ્યા છે. કોઈ મોટા હુમલો કરવાનું કાવતરું રચાઈ રહ્યું તેવી આશંકા પાલીસે વ્યક્ત કરી છે. પોલીસે કહ્યું કે કોઈ મોટા ષડયંત્રને સાકાર કરવા માટે દિલ્હીમાં ઘુસી આવ્યા છે. ઉલ્લેખનીય છે કે પોલીસે ગેસ્ટ હાઉસ, હોટેલ્સ સહિત ઘણી બધી જગ્યાઓની તપાસ હાથ ધરી છે.


પોલીસની રડાર પર દિલ્હીના એવા ઘણા બધા વિસ્તારો છે જ્યાં અવારનવાર વિદેશીઓ આવતા રહેતા હોય છે. પોલીસે સ્થાનિક લોકોને નિવેદન કર્યું છે કે આ બેમાંથી કોઈ પણ તમને જોવા મળે તો તરત જ ફોન કરીને પોલીસને જાણ કરવી. બંને સંદિગ્ધોના ફોટોગ્રાફસ સમગ્ર શહેરમાં ઠેર-ઠેર લગાવી દીધા છે જેથી લોકો પણ તે બંનેથી સાવચેત રહી શકે.

પોલીસે જે ફોટોગ્રાફ શેર કર્યો છે તેમાં તે બંને સંદિગ્ધ આતંકીઓ એક માઈલસ્ટોન પાસે ઉભા છે જેના પર દિલ્હી ૩૬૦ કિલોમીટર દૂર એવું લખેલું છે. તેમજ ફિરોઝપુર નવ કિલોમીટર દૂર એવું પણ લખેલુ છે. ઉલ્લેખનીય છે કે એડવાઈઝરી એવા સમયમાં જાહેર કરવામાં આવી છે જ્યારે બે દિવસ પહેલા જ જૈશ-એ-મોહમ્મદના સાત આતંકીઓ રાજધાની દિલ્હીમાં ઘુસી આવ્યા હોવાની આશંકાને લઈને સુરક્ષાદળ હાઈ એલર્ટ પર છે.

દિલ્હી પોલીસને મળેલ જાણકારી અનુસાર, કાશ્મિરનો ખૂંખાર આતંકી જાકીર મૂસા પોતાના સાથીઓ સાથે પંજાબ દ્વારા થઈને દિલ્હી અથવા એનસીઆરમાં આશરો લઈ શકે છે. મંગળવારે દિલ્હીમાં હિઝબુલ મુજાહિદીનના એક આતંકીની ધરપકડ કરી લેવામાં આવી હતી.

## ઉત્તરાખંડ સ્થાનિક ચૂંટણીમાં ભાજપની આંધી : ૭માંથી પાંચ મેયર પદ પર વિજય

ઉત્તરાખંડના નગર નિગમોની ચૂંટણીમાં ભાજપે શાનદાર દેખાવ કર્યો છે. ભાજપે ૭માંથી ૫ નગર નિગમોમાં મેયર પદની જીત મેળવી છે જ્યારે કોંગ્રેસે એકમાં સફળતા મેળવી છે. નગર પંચાયતોના અધ્યક્ષ પદો પર પણ ભાજપે જોરદાર દેખાવ કરતા ૧૮ નગરોમાં સફળતા મેળવી છે, તો કોંગ્રેસને માત્ર ૭ અને અપક્ષોને ૧૨ જગ્યાએ સફળતા મળી છે. જો કે નગરપાલિકાઓમાં કોંગ્રેસે સારો દેખાવ કર્યો છે. કોંગ્રેસ ૧૪ પાલિકાઓમાં અધ્યક્ષની ખુરશી મેળવવા સફળ રહી છે. ભાજપને ૧૩ અને અપક્ષ ઉમેદવારોને ૧૧ નગરપાલિકાઓમાં સફળતા મળી છે.




ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

